अस्तु श्रीः

भविष्य चंद्रोदय.

શકે ૧૮૪૬ ચૈત્રી સવત ૧૯૮૧ નુ

भविष्य फल.

ચરી. સોનુ, રૂ (કોટન) ઘઉં, અફીણ, તલ, તેલ, ઘી,
ડ. સુતર, કરીઆણુ, કપાસીઆ, ચોખા, કાપડ, મોતી,
શેર બજાર, કપુર, હલદર, વિગેરે વસ્તુઓના ભાવોની
ાદી તથા સુકાલ દુકાલ, રોગ-શાન્તિ, વરસાદ થવાના
યોગોના નિર્ણયની આગાહી બતાવતુ

ભાવિ ફલ.

લેખક

પંડિત મણિશંકર હરિશંકર જોશી.

ાપતિ ભારતીય જ્યોતિષ ચંદ્રોદય માસિક.

મુંબઈ. નં. ૨

— ૦. —

પ્રકાશક —

મેસર્સ વર્ધમાન ઍન્ડ સન્સ,

પાયધુની, ટ્રામ જંકશન, — મુંબઈ, નં. ૩.

ત. સને ૧૯૨૪. પોષ્ટેજ.

૯-૦. રૂ. ૦-૦-૬.

ભારતીય જ્યોતિષ
ચંદ્રોદય
માસિક.

૧૧૬૭૬

જ્યોતિષશાસ્ત્રની ચર્ચા કરનારૂ ગુજરાતીમા આ એકજ માસિક છે જેમા અજાયબીના દરેક વસ્તુઓના ભાવોની જાણકારી બતાવવામા આવે છે રમલશાસ્ત્રની સમજુતી વિશ્વરચનાનો ચિત્રો સાથે ખુલાસા, અનુભવી નામાંકિત પુરૂષોની કુંડલીઓ. એક પુસ્તકનુ ભાષાંતર, પંચાંગવિચાર અને ગ્રહોના કારણોથી થતા ફેરફારો, તત્ત્વોની નોંધ વિગેરેથી આ માસિક બે વરસથી ચાલુ છે અને દેશાંતરમા પણ જેની કોપીઓ જાય છે વિદ્યાના શોખીનોને આનંદ આપતુ અને બોધ આપતુ ભારતીય જ્યોતિષ ચંદ્રોદય માસિક છે. જેને માટે વિદ્વાનોએ અને પ્રસિદ્ધ પત્રકારોએ મુક્ત કંઠે પ્રસંશા કરી છે અને બહોળો ફેલાવો પામેલ છે. લવાજમ વાર્ષિક રૂપીઆ ૫-૦-૦ પોસ્ટેજ સાથે તે માટે લખો યા મળો.

ચંદ્રોદય કાર્યાલય,

ઠાકોરદ્વાર મુંબઇ નં. ૨.

તા૦ ક:—આ કાર્યાલયમા જન્મપત્રી વરસફલ, પ્રશ્નો, વિગેરે જ્યોતિષને લગતું દરેક કામ ચોક્કસ કાળજી પુર્વક કરી આપવામાં આવે છે તે માટે મળો યા લખો.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૭૧૫૭૩ वर्गांक

पुस्तकनुं नाम ભાગવત સંપ્રદાય

विषय Δ૨:૮૬૧,૯૭૨૮

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ

પ્રકાશકનાં બે બોલ.

અમોએ અમારા એજન્સી વિભાગમાં છેલ્લા બે વર્ષથી ગુજરાતિ ભાષામા પ્રસિદ્ધ થતા રાષ્ટ્રીય પુસ્તકો અને પેપરોનો એક વિભાગ વધાર્યો ત્યારથી અમારાં ગ્રાહકોની વેપારની રૂખ-તેજી મંદી જાણવા ખાતર એક સારા ભવિષ્ય ફળની માગણીઓ આવ્યા કરતી હતી. તેમા પણ છેલ્લાં એક માસથી તો બહાર ગામથી પણ ઓર્ડરો પર ઓર્ડરો ફુટવાજ લાગ્યાં. અમારા માનવતા ગ્રાહકોની ઇચ્છાને આધિન થઇ એક સારૂં ભવિષ્ય ફળ વિદ્વાન જ્યોતિષી પાસે તૈયાર કરાવી ટુંક મુદતમા પ્રસિદ્ધ કરવા વચન આપ્યુ. અમારા મિત્ર વર્ગમાં અને લાગતાં વળગતામા પુછપરછ કરતા ઘણાં જ્યોતિષીઓના નામો મળ્યા ને તેજ અરસામા અમારા હાથમાં અત્રેથી પ્રસિદ્ધ થતુ **જ્યોતિષ-ચંદ્રોદય** માસીક આવ્યુ. જેમા વેપારને લગતી બાબતો ચર્ચાયલી જોઇ. જે ઉપરથી તે માસીકના સમ્પાદકની મુલાકાત લીધી ને ભવિષ્ય ફલ તૈયાર કરી આપવા સુચના કીધી, આટલા ટુંક સમયમાં સખત મહેનત લઇ જે **ભવિષ્ય ચંદ્રોદય** તૈયાર કરી આપ્યુ છે તે માટે અમો તેમના આભારી છીએ. તેઓ પોતે જ્યોતિષ બાબતમાં ઘણું સારૂં જ્ઞાન ધરાવે છે એવી અમોને ખાત્રી થઇ છે. ગયા અક્ટોબર માસમાં મહાત્મા ગાંધીજીની જન્મ કુંડલીપરથી છુટકારાની જે

આગાહી આપી હતી તે આપણે અત્યારે ખરી પડેલી જોઇએ છીએ, તેજ તેમનું સર્ટીફીકેટ છે. આવતાં વર્ષ માટે અત્યાર સુધિમાં ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ નહિં થયેલું તેવું **ભવિષ્ય ચન્દ્રોદય** તૈયાર કરી આપવા વચન આપ્યું છે. આ ભવિષ્ય ચન્દ્રોદય જે ગ્રાહકોનાં હાથમાં જાય તેમનાં પ્રત્યે અમારી નમ્ર અરજ એ છે કે તેઓ શું સુધારા વધારા કરાવવા માંગે છે અથવા કોઇબી જાતની સુચનાં કરવા માંગતા હોય તેમણે અમારાં પર ઘણીજ ખુશીથી લખી મોકલાવવું. તથા આ પુસ્તક માટે પોતાનો આધિન મત જણાવી અમોને આભારી કરશે.

લી૦ સેવકો,

તા૦ ૧-૪-૨૪ } વર્ધમાન એન્ડ સન્સ.

આ પુસ્તક નં. ૫૯, ધસવાડી, લુહાર ચાલ સ્ટ્રીટ, ધોબીતલાવ, મુંબઇમાં "ભારત-સેવા" પ્રિન્ટીંગ પ્રેસમાં રા. લાલશંકર લક્ષ્મીશંકર પંડયાએ છાપ્યું છે.

પ્રસ્તાવના.

ज्योतिषं नयनं स्मृतं



પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આ ચૈત્રી વરસનો વર્તારો બાહેર પડાવામા આવ્યો છે. આ જ્યોતિષશાસ્ત્ર એટલુ ગહન છે કે જેનો પાર પામી શકાય તેવો નથી; જ્યોતિષના ત્રિસ્કધમા હોરા સ્કન્ધનો વિષય અપાર અને અજ્ઞેય છે. તેને અમારા પુર્વાચાર્યોએ પોતાના ગ્રંથોથી કેટલોક સરલ બનાવેલો છે જેથી કઇક ચચુ પ્રવેશ કરી ફલિત કહેવામાં સમર્થ્યવાન્ થઇ શકાય છે; જ્યોતિષશાસ્ત્રોના પ્રત્યક્ષ પુરાવામાં હાલ ॥ **चंद्रार्कौ यत्र साक्षिणौ** ॥ ચદ્ર સૂર્યનાં ગ્રહણોનો પ્રત્યક્ષ પુરાવો છે; તેવીજ રીતે, ગ્રહોનો ઉદય અસ્ત. ભરતી–ઓટ વિગેરે પણ છે, હજારો માઇલ દૂર રહેલા ચદ્રના ઉદયે અસ્ત ઉપરથી અગાધ સમુદ્રના જલને ભરતી–ઓટ રૂપે થવુ પડે છે તેવીજ રીતે બીજા ગ્રહોની જુદી જુદી અસરો જુદા જુદા સ્થાનો અને વસ્તુઓ ઉપર આવે છે અને તેનુ પરિણામ કેટલીક વખતે ન ધારેલુ અનુભવીએ છીએ, આકાશમા રહેલા નવ ગ્રહોની અસર આપણી પૃથ્વી ઉપર સ્થાવર–જગમ દરેક વસ્તુ ઉપર ન્યૂનાધિકતાથી થયા કરે છે. આ નવ ગ્રહોની અસર સફેદ–લાલ–પીળી વિગેરે વસ્તુ ઉપર પોતાના આધિકાર રૂપે ઓછાવત્તા પ્રમાણમા બનાવી તે તે વસ્તુઓની સોઘવારી મોઘવારી (તેજી-મદી) રૂપે વિરમે છે. વક્તવ્યાંશમાં એ છે કે આકાશ ખગોળ અને ભુગોળના શુદ્ધ જ્ઞાનથી કેટલોક સારો અનુભવ પામી શકાય છે પરતુ તેમા ગણિતની ચોકસાઇ જરૂર જોઇએ, આકાશ ખગોળની સ્થીતીનુ અને ગ્રહોનું ફેરફાર થવાનુ મુખ્ય એક સાધન હાલમા આપણને પંચાંગ બતાવી આપે છે પરતુ તે પચાગો ઘણી પ્રકારના ભિન્ન ભિન્ન હોવાથી અને તેમાં ગ્રહ ચાર–ઉદય અસ્તનો ફેરફાર પડવાથી કેટલીક વખતે ધારેલા ફલને ઉલટા સુલટી બનાવી દે છે,

હાલમાં વધારે પ્રમાણ ભૂત ગણાતાં ગ્રહ લાઘવી પંચાંગોનો આધાર લેવો સારો છે; મેં કેટલાક ગ્રહોની ચોકસ ગણત્રી માટે રાફેલ્સાની એફીમેરીનો આધાર અને ગ્રહ લાઘવીય પંચાંગનો આધાર રાખ્યો છે **વરાહમિહિરાચાર્ય**નો બનાવેલો ગ્રંથ બૃહત્સંહિતા (વારાહીસંહિતા) છે તેમાં અર્ઘકાંડ પ્રકરણનું વર્ણન સારૂં કરેલુ છે, તે ઉપરથી અને વર્ષ પ્રબોધ, મેઘમાલા. વિગેરે ગ્રંથોના આધારે દરેક વસ્તુ ઉપર ગ્રહોની અસર તપાસી સહરહ જણાવેલી ચીજોની તેજી મંદી બતાવી છે. તેમજ દરેક માસમાં સક્રાંતની કુડલી આપી છે તેનો પણ આધાર લીધો છે. ચદ્ર દર્શનનો સમય વર્ષ કુંડલી વર્ષા કુંડલી રાજાનુ મંત્રીનુ વરસાદનો માલીક, અનાજનો માલીક. વિગેર ઉપરથી ચોકસ ધ્યાન આપી ફલાદેશ વર્ણન કર્યું છે.

બનતા સુધી ગ્રહોનો ચાર અને બીજા યોગાયોગોની ખાસ બારી કાઇથી તપાસ રાખી આ ગ્રંથમાં ફલિત બતાવેલું છે.

આશા છે કે ગ્રાહક બધુઓ મારા આ પ્રથમ પ્રયાસને ઉત્તેજન આપી કંઇ પણ લેખ દોષ થયો હોય તો ક્ષમા કરી સુધારો વધારો કરવા માટે મને સૂચના કરશે તો ઉપકાર માનીશ અને આવતા બીજા વરસમાં તેટલો સુધારો કરીશ.


મારી બુધ્ધિ અનુસાર આ પુસ્તકમા બને તેટલી કાળજી રાખીને શ્લોકો સાથે વર્ણન કરેલું છે છતાં કેટલીક વખતે એવું બને છે કે દૈવી કારણોથી, રાજ્યદ્વારી કારણોથી કે વાયુ. વરસાદ અન બીજા એવા ન ધારેલા પ્રસગોના લીધે ધારવા કરતાં ઉલટું પરિણામ આવે છે તેટલા માટે સમજુતી આપવામાં આવે છે કે જેઓને દરેક માસવાર ચોકસ ખુલાસા સાથે કોઇપણ ચીજનો વર્તારો જોઇતો હોય તેઓએ અમને દરેક ચીજ માટે પાંચ રૂપીઆ મોકલી આપવાથી એક માસનો ખુલાસો વળતી ટપાલે આપીશુ.

લી૦ આપનો નમ્ર સેવક.

પંડિત મણિશંકર હરિશંકર જોશી,
આધપતિ ભારતીય જ્યોતિષ ચંદ્રોદય માસિક.
ઠાકોરદ્વાર–રાણા બીલ્ડીંગ, મુંબઇ.

॥ मनुष्ययत्न ईश्वरकृपा ॥


वर्षकुंडली २।



દશમા સ્થાનનો માલીક ગુરૂ છઠે છે શુક્ર બારમે છે અને રાહુ ત્રીજે શત્રુ ક્ષેત્રી છે વિગેરે આ યોગો ખરાબ દીસે છે પણ આ વર્ષકુંડલીમાં લગ્નનો માલીક બુધ લાભસ્થાને છે પાચમે શનિ ઉચ્ચ રાશીનો છે અને ગુરૂ–મંગલનો કારક યોગ થએલો છે જેથી આ વરસ મધ્યમ લેખી શકાય તેથી એકંદર સાતઆની વરસ નીવડશે.

॥ उद्योगिनं पुरुषसिंह मुपैति लक्ष्मीः ॥

वर्षेशकुंडळी ९।१०



આ કુંડલીમાં લગ્નનો માલીક શનિ દશમા સ્થાને ઊંચનો છે, ચોથા સ્થાનનો માલીક મંગલ લગ્ને ઊંચનો છે. આઠમા સ્થાનનો માલીક રવિ ચોથે ઊંચનો છે, આ ત્રણ ગ્રહો ઊંચના હોવાથી અને શુક્ર ચંદ્ર સ્વગૃહી છે જેથી વરસ સારૂ નીવડે નવા ઉદ્યોગોનો વધારો બને, વેપાર રોજગારનો વધારો બને, જમીનના બાવો વધે, મરણપ્રમાણ કરતાં જન્મ પ્રમાણનો વધારો બને, વર્ષેશ શનિ ઉંચ રાશીનો આ વરસમાં છે છતાં પોતે પાપગ્રહ હોવાથી ઉપર જણાવેલું પુરેપુરૂં ફલ મલવા દેશે નહિં. શનિશ્ચરની આરાધના કરવાથી વધારે સુખાકારી નીવડશે.

ભવિષ્ય-ચંદ્રોદય.



પ્રકરણ ૧ લું.

શકે ૧૮૪૬ નું ભવિષ્ય ફલ.

(તેજી મંદી વિચાર)

सकलसिद्धिकरं परं विविध विघ्नविदारुण दारुणम् ।
निखिलनिर्झरवृंदनिसेवितं गजमुखं सुखदं प्रणमाम्यहम् ।१॥
या देवी सर्वभूतेषु मायारूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥ २ ॥

શકે ૧૮૪૬ ચૈત્ર શુદિ ૧ શનિવાર (તા. ૫-૪-૨૪) રક્તાક્ષી નામ સંવત્સરનું ફલ નીચે મુજબ છે.

रक्ताक्षि संवत्सरे सस्यवृद्धिर्वृष्टिरनुत्तमा ॥
प्रेक्षंते सर्वदा न्योन्य राजानो रक्तलोचनाः ॥ ८ ॥

આ વરસમાં રક્તાક્ષી નામનો સંવત્સર આવેલો છે. તેથી ધાન્યનો વધારો બને, વરસાદ સારો થાય, પરસ્પર રાજાઓમાં વાદવિવાદ બને, યુદ્ધ થાય, આ રક્તાક્ષી સંવત્સરનો સ્વામી શુક્ર છે તેથી અનાજ સસ્તુ થાય ઇચ્છા

રહેઠાણુ ઉપર વસ્તીનો વધારો બને, ચૈત્રાદિ ત્રણ માસમા અનાજ અને ધાતુની તેજી થાય ફાગણમા અનાજ સગ્રહ કરવો. જેઠમા અનાજ તેજ થાય જેઠ શુદીમા વરસાદ સારો થાય, આષાડમા જલ વર્ષાદ વધારે થાય શ્રાવણમા વરસાદ થોડો થાય, રાજાઓમા યુદ્ધ જાગે, ભાદરવામા વરસાદ થોડો અને રોગની પીડા બને, આસોમા અનાજની સોઘવારી રસ કસ વસ્તુ સોઘી થાય કાર્તિક આદિ પાચ માસમા ધાન્ય ભાવ તેજ થાય વિવાહાદિક શુભ કામ થોડા થાય ઘોડા ગય ભેસ વિગેર જનાવરોને પીડાકારી વધુ બને

વરસના રાજાનુ ફલ

शनिश्वरे भूमिपतौसकृज्जलं प्रसूतरोगैः परिपीड्यते जन ॥
युद्धं नृपाणां गदतस्कराद्यै र्भ्रमंति लोकाः क्षुधिताश्चदेशान् ॥१॥

આ વરસનો રાજા શનિ છે તેથી વરસાદ થોડો થાય લોકો અગ્ની અને ચોરથી પીડા પામે રાજાઓમા પરસ્પર વાદવિવાદ વધી યુદ્ધ થાય જનસમુદાય ભુખથી દુઃખી બને રોગ અને ચોરોથી દુખી બની એક ઠેકાણે સ્થીર ન રહે ફલ અને ફુલનો નાશ થાય

સવત્સરના મત્રીનુ ફલ.

रविसुते यदि मंत्रिणि पार्थिवाः विनयसंरहिता बहुदुःखदाः ॥
न जलदाजलदा जनतापदा जनपदेषुधनं सुखदं क्वचित २ ॥

આ વરસનો મત્રી શનિ છે તેથી ધાન્ય ફલ ફુલ વિગેરે વધારે ન બને, વરસાદ થોડો થવાથી જનસમુદાય વધુ પીડા પામે ચોર અને અગ્નીનો ભય અવરનવર થયા કરે, રાજ્યકર્તાઓની સખતાઇથી પ્રજાને વધુ દુઃખ ખમવું પડે, કોઇ કોઇ ઠેકાણે સાધારણ વરસાદ અને સુખ શાંતિ થાય.

ખેતીના સ્વામીનુ ફલ.

प्रथमधान्यपतौ धरणीसुते गजतुरंगखरोष्ट्र गवामपि ॥
प्रभयदा बहुरोगघनोजलं नसमसौख्यकरं तुषधातृत्हृत् ॥ ३ ॥

આગલા ધાન્યનો સ્વામી મગલ હોવાથી વરસાદ અને અનાજ થોડુ થાય અને પાણીની તગી પડે અગ્નિ અને ચોરનો ભય ઘણો રહે, લોકોમાં અનેક પ્રકારના રોગોથી પીડાઓ વધે, હાથી ઘોડા ગાય ભેંસ ઉટ વિગેરેનો નાશ થાય.

ધાન્યના સ્વામીનુ ફલ.

चंद्रे धान्यपति जाते प्रजावृद्धिः प्रजायते ॥
गोधूमाः सर्षपाश्चैव गोषुक्षीरं तथा बहु ॥ ४ ॥

પાછલા ધાન્યનો સ્વામી ચદ્રમા હોવાથી અનાજ વિગેરની સોઘવારી થાય અને જનસમુદાય તેથી ખુશી થાય, રાજાઓના ભડારોમાં ધન વધારે એકઠુ થાય, ગાય ભેંસ દુધ વધુ આપે, વનસ્પતિ સારી ઉગે, અને જલના અકસ્માત્ વધુ બનવા સભવ છે પ્રજાની વૃધ્ધિ થાય ઘઊ જવ ચણા મગ આદિ ધાન્યની વૃધ્ધિ સારી બને રસ કસ સોઘા થાય.

મેઘના સ્વામીનું ફળ.

रविसुते जलदस्यपतौ भवेद्विरलवृष्टिवती वसुधा तदा ॥
मनसि तापकरो नृपति सदा विविधरोगयुता जनता तदा ॥ ५ ॥

આ વરસમાં વરસાદનો સ્વામી શનિ છે તેથી દેશના કોઇ કોઇ ભાગોમાં વરસાદ થાય નહિ રાજાઓના ભડાર ખાલી થાય, કોઇ કોઇ જગાએ ટાઢથી લોકો વધુ પીડા પામે અને દુઃખ પામે દુઃકાલ જેવાં ચિન્હો કેટલાક દેશોમાં જણાય અને પાણીની તંગી પડે વાદલો વધારે થાય પણ વૃષ્ટિ કમી થવાની અને અગ્નિ ચોરનો ભય વધુ બને કોઇ કોઇ દેશમાં હુલ્લડો તોફાનો થવા સંભવ છે.

રસકસના સ્વામીનું ફળ.

यदि गुरौ रसपेजनसौख्यदे कमलयंति सरांसि तृणानिच ॥
जनपदा द्विजपूजनतत्परा गजसवाजीरथोष्ट्रयुतानृपाः ॥ ६ ॥

આ વરસમાં રસકસનો સ્વામી ગુરૂ છે તેથી પ્રજામાં સુખ શાંતિ રહે પાણીની તંગી ન રહે ફળ ફૂલનો વધારે કરે અને વરસાદ સારો આવે ઘાસનો વધારો સારો થાય જન સમુદાય ધર્મમાં વધુ સારો ભાગ લેશે રાજાઓમાં સુખ શાંતિ વધે અને હાથી ઘોડા વિગેરેનું રક્ષણ સારૂં કરે. શેરડી. ખાંડ તેલ. અને ચંદન વિગેરે સુગંધી પદાર્થો અને સોના ચાંદીની વૃદ્ધિ થાય. નાણાંની છુટ સારી બતાવી શકે છે. શેર લેન અને નાણાંનો લેવડદેવડનો વહેવાર સારો સુધારે છે.

ફલના સ્વામીનુ ફળ.

यदिफलस्य पतौ भृगुजे धरा मृदुकुमारमहीरूहराशयः ॥
बहुयथानरनाथ सुभोगदा द्विजवराश्रुतिपाठ परायणाः ॥ ७ ॥

આ વરસમાં ફલનો સ્વામી શુક્ર હોવાથી તેનું ફલ સારૂં ગણાય છે રાજાઓથી પ્રજાને સુખ શાંતિનો વધારો થાય અને ફળ ફુલનો વધારો સારો બને ધર્મ કામ સારાં થાય.

નિરસેશના સ્વામીનું ફળ.

निरसेशो यदा भौमः प्रवाला रक्तवाससाम् ॥
रक्तचंदनताम्राणा मर्घवृद्धि र्दिनेदिने ॥ ८ ॥

આ વરસમાં નિરસેશ મંગળ હોવાથી પ્રવાલ. તાંબું અને લાલ વસ્તુનો ભાવ તેજ થાય. લાલ. ચંદન સોના વિગેરેના ભાવ તેજ થશે ઘણીની તેજી થાય અને વરસાદ કમી કરે માણસો રોગથી વધારે પીડાય અને રાજાઓમાં પરસ્પર યુદ્ધ થાય.

કોટ કીલ્લાના સ્વામીનું ફળ.

रविसुतेगढपालिनी विग्रहे सकलदेशगताश्चलिता जनाः ॥
विविधवैरिविशेषतनागरा कृषिधनं न लभेद् भुविकश्चन ॥ ९ ॥

આ વરસમાં દુર્ગેશ શનિ હોવાથી રાજાઓમાં મોટું યુદ્ધ થાય અને તેમાં ઘણાઓનો વિનાશ થાય પૃથ્વી ઉપર રોગની પીડા વધુ થાય. ખેતીના કામમાં સફલતા ન મલી શકે કેટલાક રાજાઓને માથે કષ્ટ આવે કે રાજ્યગાદી ત્યાગ થવાના યોગ બને અને શનિ ચાર અધિકારવાળો થએલો છે તે સારો નથી અને વરસાદ ન થાય. કીડા—તીડ વિગેરેથી ખેતીને નુકસાન થાય અનાજની તેજી થાય.

॥ आवर्त्तेच्छिन्न वृष्टिश्च ॥

મેઘનું નામ આવર્ત છે જેથી આ વરસમાં વરસાદ છિન્નભિન્ન કોઇ કોઇ દેશોમાં વધારે ઓછો થવાનો યોગ છે.

॥ खंडवृष्टिश्च संधिषु ॥

રોહિણીનો નિવાસ સંધીમાં છે તેથી આ વરસમાં વરસાદ દેશાંતરમાં ન્યૂનાધિક થવાનો અને સાધારણ થાય તેવો યોગ છે.

॥ वैश्य गृहे शुभंनास्ति ॥

આ વરસમાં મહાજન (વણિક) ને ઘેર વરસાદનો નિવાસ છે તેથી ખરાબ ગણાય. વરસાદ થોડો થોડો થવો જોઇએ.

ધનના સ્વામીનુ ફલ.

यदि हि द्रव्यपति धरणीसुतः शरदि तापकरः तुषधान्महत् ॥
सहसिमासि भवेद् द्विगुणं तदा नरपतिर्जनशोकविधायकः ॥१०॥

આ વરસમાં ધનના માલીક મંગલ છે જેથી નાણાંનો લાભ કમી થાય. નાણાંની તંગી બને. પ્રજામાં અનેક પ્રકારના ઉપદ્રવ થાય શરદ

ઋતુમાં રોગનો વધારો અને રાજાઓમાં પરસ્પર વિરોધ થાય અનાજનો નાશ કરે રાજા પ્રજામાં પરસ્પર અવિશ્વાસ થાય અને શોક સંતાપ વધે દેશ પરદેશમાં નાણાંની જાવક બને.

આકાશમાં નવગ્રહોની કૌન્સીલ.

આ વરસમાં આકાશની કૌન્સીલમાં દશ અધિકારમાં સાત અધિકાર તો પાપગ્રહોને મળેલા છે અને ત્રણ અધિકાર શુભ ગ્રહોને મલ્યા છે. કૌન્સીલમાં પ્રેસીડેન્ટ (પ્રમુખ) શનિ મહારાજ છે તથા વાઇસ પ્રેસીડેન્ટ (ઉપ પ્રમુખ) પણ શનિ મહારાજ છે આઠ સભાસદો (મેમ્બરો) માં પાંચ મેમ્બર પાપગ્રહ (ખરાબ) છે જ્યારે ત્રણ મેમ્બર શુભ ગ્રહ (સારા) છે, આવી રીતે આકાશી કૌન્સીલમાં પાપગ્રહોનું જોર પુરેપુરૂ હોવાથી શુભ ગ્રહોનું જોર તદન કમી છે તેથી આ વરસ દુર્ભિક્ષ મહામારી. ચોર લુટારૂ અગ્નિ વિગેરેનો ભય થાય, લડાઇ ઝઘડાઓ તોફાનો વિગેરે કોઇ કોઇની સાથે થવા જોઇએ.

વરસના સ્તભનુ ફલ.

ચૈત્ર શુદિ ૧ શનિવારના દિવસે રેવતી નક્ષત્ર નથી પણ, અશ્વિની છે. વૈશાખ શુદિ ૧ રવિવારના દિવસે ભરણી નક્ષત્ર છે, જ્યેષ્ટ શુદિ ૧ મંગલવારના દિવસે મૃગશિર્ષ નક્ષત્ર છે, અષાડ શુદિ ૧ ગુરૂવારના દિવસે પુનર્વસુ નક્ષત્ર છે. આ ચાર સ્તંભોમાં ત્રણ સ્તભો કાયમ છે અને તે પાપગ્રહોના અધિકારમાં છે જેથી આ સંવત્સરનું ફલ ખરાબ છે વરસાદ અનાજ ઘાસ વનસ્પતિ વિગેરેનો નાશ કરે વેપારીઓમા ખરાબ લેખાય નાણાંની ભીડ અને પરસ્પર અવિશ્વાસ ઉભા થવા પામે અગ્નિ ચોરનો ભય વધે રાજા પ્રજામાં વૈમનસ્ય થાય.

ધન રાશિના ગુરૂનું ફલ.

કારતક શુદિ ૯ ના દિવસે ગુરૂ ધન રાશિમાં પ્રવેશ કરે છે જેથી માગશર માસમાં વરસાદ થાય સ્રી વર્ગ માટે પીડાકારી છે ઘઉં, ચોખા,

શેરડી, ગોળ, ખાંડ વધારે થશે કપાસ, લોઢુ, મગ, કાંસું, ઘી, સીસું, ચાંદી, તાંબા વિગેરેની મોંઘવારી અને તલ, તેલ, ગોળ, સોપારી, સફેદ વસ્તુઓની સોંઘવારી થાય. માગશર માસથી જયેષ્ટ માસ સુધી ઘી મોંઘું થશે અને ગાય, ભેંસ, ઘોડા, મજીઠ. કરીઆણુ વિગેરેમાં મોંઘવારી આવે માગશર અને પોષમાં હીંગ, મોતી, જાયફલ, સોપારી, પ્રવાલ મોંઘા થાય. ચોપગાં જનાવર, કોટન, રસકસ, અડદ વિગેરેને સગ્રહ કરવાથી ફાયદો નીપજે આગલના માસોમાં વેચવાથી ચાર ગણો લાભ નીપજે.

રાહુનું ફલ.

આ વરસમાં ભાદરવા વદિ ૫ ના રોજ રાહુ કર્ક રાશિમાં આવે છે તેથી બદમાસ, ચોર, પાખડીલોક ઉત્પાત કરે. પ્રજાની જાતીમાં ફેરફાર થાય ધાન્ય ભાવ તેજ થાય. સોના, ચાંદી, કાંસું, તાંબુ વિગેરે સસ્તુ થાય. પરતુ પ્રથમ છ માસ મદી બની પાછલથી તેજી થવાની તેથી શરૂઆતની ખરીદી લાભ દાયક નીવડશે રાજા પ્રજામા કલહ થાય ક્ષત્રીઆમાં વિગ્રહ ઉભા થવા પામે પોતાના સ્થાન અને વારસા માટે મોટી તકરારો ઉભી થવાની.

શનિનું ફળ.

શનિ ગયા વરસમાં આસો વદિ. ૨ તુલા રાશિમા દાખલ થએલ છે તેનુ ફલ આ વરસે પણ મલવાનુ શનિ તુલા રશિ ઉપર હોવાથી તમામ દેશોમાં પરસ્પર કલેશ થાય પૃથ્વીમાં ઉલ્કાપાત થાય અને ધરતી કપ વધારે બનશે સારા સજ્જન માણસો હેરાન અને દુઃખી થવાના વરસાદ કમી થવાનો વેપાર રોજગાર સારો જામશે, દેશકાલ ઉપર પવન ચક્ર એવુ ચાલે છે કે ધન અને રોજી કમી થાય, ખાણોના અકસ્માતૂ વીજળીના અકસ્માતૂ અને સમુદ્રમા ખળભળાટ થાય સ્ટીમરો વિમાનો આગગાડીઓ વિગેરના અકસ્માતૂ થવાના.

આ વરસમાં એકદર સારાંશ તપાસતાં એવુ સમજાય છે કે, અલસીનો બજાર મંદો રહેશે ધાન્ય, અનાજ, ઘઊં, ચણા, મગ, અડદ,

ચોખા વિગેરમાં ગયા વરસ કરતાં વધારે તેજી થાય વૈશાખ જેઠમાં ધાન્ય ઘઊં, ચોખા, ચણા વિગેરમાં વધઘટ વધારે થશે પરંતુ અસર મંદીની રહેવાની તેલ-ગોળ ખાંડ ઘીમાં તેજી થવાની અને અષાડ માસમાં વરસાદ તમામ ઠેકાણે થશે વરસાદથી થવાની ચીજો ઉપર ભાવ મંદા થાય.

આ વરસમાં સોના ચાંદીમાં તેજી સારી થવાની રૂ. કપાસમાં તેજી થવાની આષાડમાં વરસાદ વધુ થવાથી કોટનનો બજાર ટકી શકશે નહિ જેથી મંદી આવવાની પરંતુ શ્રાવણ માસમાં વરસાદ તાણુ પડશે કારણુ બુધ અને શુક્રની વચ્ચે સૂર્ય આવે છે અને મંગલ વક્રી થાય છે તેથી તે માસમાં તેજી થવાના યોગ સંભવે છે.

શ્રાવણ માસમાં પાંચ ગુરૂવાર છે તે ખરાબ યોગ છે તેથી અનાજમાં તેજી થાય શ્રાવણ વદી. ૩૦ સુધી વધારે તેજી થઇ જશે જેણે પ્રથમ અનાજ ઘઊં ચોખાની ખરીદી કરી હશે તેને વધારે લાભ થવાનો સમય છે.

ભાદરવા સુદીમાં વરસાદ થશે અને અનાજની મંદી થાય આ યોગ એક માસ સુધી ચાલવાનો છે.

ત્યાર બાદ આસોમાસ સુધીમાં ઘઊં ચણા ચોખામાં સમાન ભાવ રહેશે. તલ, તેલ, સરસી, ઘી તુવેરના ભાવમાં વધારે તેજી આવશે. આ યોગ કારતક વદિ, ૨ સુધી છે ત્યાંથી ફરીથી મંદી ચાલવાની તે અનાજ વિગેરમાં જોરથી મંદી આવશે આ મંદી ફાગણુ માસ સુધી રહેવાની.

૧૨૯૬૭૯


પ્રકરણ ૨ જું.

રકતાક્ષી વર્ષનો જ્યોતિષ વિચાર.

मिथुने बाहुलं युद्धं पूर्वस्यां धान्य नष्टता ।
उदग् दक्षिणयां मैं वा बहवो धान्य संग्रहः ॥ १ ॥
पश्चिमायां स्वल्पमेघा युद्धभय यदा भवेत् ॥
मध्यदेशेऽर्द्ध निष्पत्ति श्चतुष्पद सरोगता ॥ २ ॥

આ વરસનુ લગ્ન મિથુન રાશી ઉપર છે તેથી મોટાં યુદ્ધ થાય પુર્વમા


वर्षलग्नं



અનાજ થોડું પાકે દક્ષિણમા તથા માળવામા અનાજ મધ્યમ પાકે તેથી આ વરસમા ધાન્ય સગ્રહ કરવા ભલામણ છે પશ્ચિમમાં વરસાદ થોડો થાય મધ્યદેશમાં મધ્યમસર થાય ચોપગા પશુઓમાં બીમારીઓ વધવાથી તેઓનો વધુ ભાગે નાશ થાય.

મેષ સક્રાંતિની શરૂઆતમા મકરલગ્ન છે તેના માલીક શનિશ્વર

वर्षेशलग्नं



દશમ સ્થાનમા રહેલા છે લગ્નમા મગલ, બીજા સ્થાને કેતુ, ચોથા ઘરમાં સૂર્ય બુધ, સાતમા સ્થાને ચદ્ર, આઠમે રાહુ છે લગ્નેશ શનિ પાપ ગ્રહ છે આ વરસમા શનિ મહારાજને પુરેપુરા અધિકાર મળ્યા છે બીજે સ્થાને કેતુ છે તેથી પહેલી ધાન્યની પેદાશ કમી

થાય અર્થાત્ અનાવૃષ્ટિથી અથવા અતિવૃષ્ટિથી કે તીડ વિગેરેથી ખેતીને વધુ નુકશાન બને તેથી અનાજ થોડું પાકે અને ધાન્યના ભાવ તેજ થવા દીસે છે.


આ વરસમાં બે ચંદ્રગ્રહણ.

આ વરસમાં શ્રાવણ શુદિ ૧૫ ગુરૂવારે ચંદ્રગ્રહણ રાત્રીના કલાક ૧૧ મિનિટ ૪૪ વખતે શરૂ થશે અને મોક્ષ રાત્રીના કલાક ૩ અને મિ. ૨૮ છે બીજુ ચંદ્રગ્રહણ માઘ શુદિ ૧૫ રવિવારે રાત્રીના કલાક ૧ અને પાંચ મિનિટે થશે અને મોક્ષ રાત્રીના કલાક ૩ મિનિટ ૫૮ સુધી છે જેનું ફલ ખરાબ છે અર્થાત્ ખેતીમાં નુકશાન કરે કાટનના વેપારમાં મોટા જોસથી તેજી કરે છે કપાસની તેજી થાય સોના ચાંદીના ભાવમાં વધુ વધાઘટી થવાની.

વરસાદની લગ્ન કુંડલી.

મિથુન સક્રાંતિ સમયે વર્ષા કુડલીમાં લગ્ને સૂર્ય શુક્ર, ત્રીજે રાહુ, પાંચમે સ્થાને શનિ-ચંદ્રમા, છઠે ગુરૂ, નવમે મંગલ-કેતુ, બારમે બુધ આ પ્રમાણે ગ્રહોની સ્થિતિ રહેલી છે તે ઉપર વિચારતાં જણાય છે કે વરસાદ કોઇ કોઇ ઠેકાણે વધુ પડશે અને કેટલેક ઠેકાણે બીલકુલ કમી થશે જેથી દુ'કાળનાં ચિન્હો જણાશે અને પ્રજા દુ:ખી થવાની નાણાંની તંગાશ રહેવાની શેર-નોટ વિગેરમાં મંદી થવાની, આ વરસાદની કુંડલીનું ફલ ખરાબ છે.

वर्षा कुंडली



શરદ્ ઋતુના ધાન્યનું ફલ.

આ વખતે વરખ સંક્રાંતિ સમયે લગ્નમાં સૂર્ય બીજા સ્થાનમાં શુક્ર ચતુર્થસ્થાન રાહુ છઠે શનિ દશમે કેતુ બારમા સ્થાનમાં બુધ આ પ્રમાંણે બતાવેલા દરેક ગ્રહો સારા છે પરંતુ ચોથા સ્થાને રાહુ ચંદ્રનો યોગ

થવાથી ગ્રહણ યોગ થયો છે અને ખેતીવાડી માટે ચોથુ સ્થાન છે આતમામને વિચાર કરતાં ચોખા–ઘઊં જુવાર મગ, મઠ. બાજરો વિગેરે અનાજ સાધારણ પેદા થાય ચોથે રાહુ ચદ્રનો વેધ થવાથી ખેતીમાં અનાજ વિગેરેમાં–કીડા કાતરા તીડ વિગેરેથી અનાજને નુકશાન થાય.

ગ્રીષ્મ ઋતુના ધાન્યનું ફલ.

આ વખતે વૃશ્ચિક સક્રાંતિના સમયે લગ્ને સૂર્ય બીજા સ્થાને ગુરૂ ત્રીજે કેતું ચોથે મંગળ આઠમે ચંદ્રમા નવમે રાહુ અગીઆરમે સ્થાને શુક્ર બારમે સ્થાને શનિ આવવાથી ઘઊં–ચણા સાધારણ પેદા થશે પરંતુ પહેલી ફસલ કરતા પાછલી ફસલ સારી નીવડશે સારાશ રૂપે તપાસતા આ વરસનો રાજા–મત્રી શનિ હોવાથી કેટલીક ઋતુઓના સમયની કુંડલીઓ તપાસવાથી ગ્રહોની સ્થિતી સાધારણ સમજાય છે. આકાશી કૌન્સીલમાં પાપગ્રહોનુ જોર વધી ગએલ છે જેથી પાપગ્રહો વધારે મજબુતાઇ ઉપર આવેલા છે.

स्वयंराजा स्वयंमंत्री स्वयंसस्याधिपो यदि ॥
तदाताेयं न पश्यामि वर्जयित्वामहोदधिम् ॥ २ ॥

વરસનો રાજા શનિ છે મત્રી ધાન્યનો માલીક વિગેરેમાં પણ શનિ છે તે ખરાબ ફલ આપે વરસાદ કમી કરી અનાજની મોંઘવારી કરે. પ્રજા પીડા કરે યુદ્ધ–બડ વિગેરે થયા કરે વળી શ્રાવણ, ભાદરવો, અશ્વિન, માગશર, પોષ વિગેરે આ ચાર માસમાં લાગ લાગટ શુક્લ પક્ષની તિથીનો ક્ષય છે તેમજ આઠ માસમા સૂર્યની સક્રાંતિ મંગલવારે અને શનિવારે થાય છે ચાર મહિનામાં શુભ વાર થોડા છે, જેથી તમામ રીતે વિચાર કરતા જણાય છે કે આ વરસમાં દુનીઆ ઉપર ભારે ખરાબ અસર નીવડશે અને કંઇને કઇ નુકશાની થશે અને ફસલની પાકની પેદાશ ૧/૪ થવા સંભવ દીસે છે.

હિંદની નજરે જોતાં આ વરસ કંઇ ફાયદાકારક જણાતું નથી દેશનું ધન વિદેશમાં ઘસડાઇ જશે અને પ્રજા વધુ દરિદ્રી થાય છતાં હિંદી પ્રજા પોતાના પરાક્રમથી આગલ વધી દેશમાં જાગ્રતી ઉત્પન્ન કરશે. જનસમુદાય સુખ માટે બનશે તેટલી કોશીષો કરશે છતાં સુખનો અભાવ ચાલુ રહેશે અને ફક્ત ચલવલો વધુ થશે આ વરસમાં રોગનો ફેલાવો વધુ થાય. પ્રજાને હેરાનગતી વધુ પ્રમાણમાં ભોગવવી પડે. એક બીજામાં અવિશ્વાસ વધે. વૈમનસ્ય પેદા થાય ફાટફુટ વધારે તીવ્ર બની એકંદરે સંપમાં ખલેલ પડે આ વરસે હિંદનો ભાગ્યોદય બરાબર નથી. તેમ પરદેશ સાથે હરીફાઇમાં પાછા પડી શકાશે. રાજ્યદ્વારી ચલવલોમાં કાયદા વિગેરેમાં સારો લાભ મેળવાશે પ્રજાનો રાજા ઉપર કંઇક વિશ્વાસ વધશે અને રાજાઓ પોતાની પ્રજાની લાગણીને કંઇક માન આપી સંતોષશે. સાધારણ રાજાઓ (ક્ષત્રીઓ) ને રાજ્ય ત્યાગ કે વૈરાગ્ય થવાનો યોગ જણાય છે અથવા પરંપરા ચાલુ આવેલી રાજ્ય ગાદી ઉપરથી હકકનો નાશ થાય અને સંતાપ વધે. સાધારણ ક્ષત્રીઓને પ્રજાનો આશરો શોધવો પડે તેમ છે. રાજાઓ વેપારી કામમાં વધુ જોડાએલા રહેશે. મુસાફરી વધુ કરશે અને અનહદ ખરચો વધારી દેશે પોતાની પ્રજાને સંતોષ નહિં આપી શકવાથી, ચલવલો અને સભાઓ ભરી પોતાના હકની માગણીઓ વધુ પ્રમાણમાં કરશે. આ વરસમાં તેવીજ રીતે રેલ્વે, ખાણો અગ્નિ, અને જમીનના અકસ્માતો પણ વધારે પ્રમાણમાં થવાના, અગ્નિહોત્રી, લોહાર, વિગેરે અગ્નિ કામ કરનાર માટે વરસ ખરાબ નીવડશે તેઓને પીડાકારીઓ વધતી જશે. આ વરસમાં સ્ત્રીઓના હક્ક સબંધી ચલવવો વધુ થવાની અને કેટલાક અંશમાં સ્ત્રીઓ લાભ પણ મેળવી શકશે, બાલકોનું મરણ પ્રમાણ ઓછું થશે. લોઢાની ફેકટરીઓ કે કારખાનામાં અકસ્માતો બને, અથવા તેના માલીકોને પીડાકારીઓ વધે.

જ્યોતિષ શાસ્ત્રના પ્રમાણથી તો ઉપર પ્રમાણે સમજાય છે પરંતુ શું અને કેવું ફલ નીવડશે ? તેને તો ઇશ્વર જ જાણે છે !

પ્રકરણ ૩ જું.


ચૈત્ર માસ

ચૈત્ર શુદ ૧ શનિવાર તા. ૫ મી એપ્રીલ ૧૯૨૪.

चैत्रशुक्ल प्रतिपदि रवौ वायु विशेषतः ॥
शनौ धान्यतृणरसा जलशोषः प्रजार्तवः ॥ १ ॥

ચૈત્ર શુદિ પડવે બેસતા વરસના દિવસે શનિવાર હોવાથી ફલ સારૂ નથી અનાજ ઘાસ રસકસની હાનિ થાય જલાશય સુકાઇ જાય પ્રજામાં અનેક વિપત્તીઓ આવી પડે.

સ્વસ્તિશ્રી. સંવત્ ૧૯૮૦ શાકે ૧૮૪૬ ચૈત્ર શુદિ ૮ શનૌ ઇષ્ટ ૫૦/૪ ઈં. તા૦ ૧૨-૪-૨૪
मेषेर्क ૯/૧૦



ચંદ્ર દર્શન—શનિવારે ચંદ્ર દર્શન હોવાથી ૧૫ દિવસમાં કસુંબો લાલ રંગ ચાલુ મજીઠ તલ, તેલ, અલસી, સરસવ, ઘી, ગોળ, ખાંડમાં તેજી થાય અફીણ રૂમાં ઘટાવધી વધારે થાય રૂમાં ૧૦ થી ૧૫ ટકા તેજી થવાનો યોગ છે અને સોના ચાંદીમાં પણ તેજીનો યોગ દીસે છે અનાજ, શિંગમાં મંદી થાય.

ચૈત્ર શુદિ. ૩ તા. ૭ મી એપ્રીલ.

ઊ. પાઢામાં મંગલ થાય છે તેથી ઘી. તેલ અડદ અને ચોખાની તેજી થાય.

ચૈત્ર શુદિ ૪ તા. ૮ એપ્રીલ.

રોહિણીનો શુક્ર થાય છે. તે દિવસે મંગલવાર હોવાથી રૂ. અલસી ઘઊંમાં તેજી કરે છે. દ્રાક્ષ ખારેક સોપારી વિગેરમાં મંદી બતાવે છે સોનુ તાંબુ ગોળ ખાંડમાં તેજી કરે છે પ્રજામાં અગનીનો ભય વધુ વધે.

वृश्चिकेयदि संप्राप्य वक्रंयाति बृहस्पतिः ॥
अन्नस्य संग्रह स्तत्र धान्यादेस्तु विशेषतः ॥ २ ॥
कार्पासस्य घृताद्वेर्वा मार्गशिर्षेच विक्रयः ॥
द्विगुणो जायते लाभस्तदा संग्रहकारिणः ॥ ३ ॥

ચૈત્ર શુદિ. ૫ ના રોજ ગુરૂ વૃશ્ચિક રાશીમાં વક્રી થાય છે તે પ્રજામાં સુખ શાંતિ વધારે ધાન્યની મંદી કરે, આ સમયમાં જે વસ્તુની મંદી થાય તેનો લાભ ૪ માસ પછીથો ઘણો સારો મલે, અલસી ઘઉ રાઇ, અડદ, તેલ, ચણા. લાખ ગોળ ખાંડમાં વધઘટ વધુ થશે અને કંઇક મંદી થશે સોના ચાંદી તેજી થાય કોટનમાં મંદી થાય.

ચૈત્ર શુદિ ૮ તા. ૧૨ એપ્રીલ.

सौरेश्चवारे यदि संक्रमश्चेद् दुर्भिक्षमायातिच सर्व धान्यम् ॥
पृथ्वीसरोगानृपतेः प्रजासु भवेन्महायुद्ध भयंतदानीम् ॥ ४ ॥

મેષ સંક્રાતિ શનિવારે શરૂ હોવાથી ધાન્યનો ભાવ તેજ થાય પ્રજામાં રોગ અને ભય વધે અને યુદ્ધનો ભય થાય વિદેશીઓ અનાજ ખરીદ કરે ફુલ ફુલની તેજી થાય ચાંદી, ગોળ તેલ તલ ઘી અને કોટનમા તેજી વધુ આવે તંબાકુમાં તેજી થાય અલસી સરસવમા મંદી આવે પીળા વસ્ત્રના અને હલદરના ભાવ તેજ ચાંદીના ભાવમાં ૨ થી ૩ ટકાની વધાઘટી સાથે તેજી થવાની જવ ઘઉ ચણા આદિ ધાન્ય તથા હાથી દાંત સુતર. કપડા ગોળ. ઘી. તેલ વિગેર વસ્તુના ભાવ તેજ થાય સંક્રાંતિ રાત્રીમાં પ્રવેશ થઇ છે તેથી ફલ સામાન્ય છે મેષ સંક્રાંતિ મકર લગ્નમાં પ્રવેશ થએલ છે જેથી

લગ્નનો માલીક શનિ દશમ સ્થાને ઉંચનો થઇને આવેલ છે તેનું ફલ તો સારૂં છે પરંતુ લગ્ને મંગળ પાપગ્રહ હોવાથી તેનું ફલ સંપૂર્ણ સારૂં ન લેખાય જેથી મધ્યમ ફલ મલવું જોઇએ મેષ સંક્રાંતિનું ફલ એક વરસ સુધી ચાલુ રહે છે.

यदा भानुः स्थितो मेषे फलानि तुलभादिकम् ॥
इक्ष्वादितिलतैलादि तदाचैव महर्घता ॥ १ ॥
मकरे च स्थिते भौमे घृततैल महर्घता ॥
सुभिक्षं सर्वधान्यानां लोकानां दुःखपीडनम् ॥ २ ॥

મકર રાશીના મગલનું ફલ એવું છે કે ધાન્યની મદી કરે પ્રજામાં પીડાકારી વધારે, દિન ૫૧ માં અફીણ ધી. ચાંદી કોટનમાં તેજી કરે. કપાશીઆ અને ચોખાના ભાવ ઘણા વધારે.

ચૈત્ર શુદિ ૧૧ ભોમે તા. ૧૫ એપ્રોલ.

મધા નક્ષત્રના ૨ ચરણમાં રાહુ અને ધનિષ્ટાના ૪ ચરણમાં કેતુ આવવાથી આજનો ભાવ તેજ થાય. તલ, તેલ લોઢાનો ભાવ તેજ થાય કપાસીઆના ભાવ સારા વધે.

ચૈત્ર શુદિ ૧૫ તા. ૧૯ એપ્રીલ.

પુનમ અને શનિવારનો યોગ સારૂં ફલ ન આપે, આવતું વરસ સારૂં દેખાડે, ગઇ સાલમાં મંગલવાર હતો તેનું ફલ ખરાબ હતું અને તે અનુભવ્યું. પણ ગઇ સાલમાં સંવત સારો હતો પણ મગલે ખરાબી કરેલી છે. અનાજનો પાક ઓછો ઉતર્યો, આગ અકસ્માત્ વિગેરેથી ભય ઘણો પેદા કર્યો આ વરસમાં દુઃકાલ જેવો યોગ હોવા સાથે શનિવારનો યોગ ઘણોજ ખરાબ છે તેથી અનાજની ખરીદી કરવાથી લાભ સારો નીવડશે આ પુનમના દિવસે વાદળાં. વરસાદ. ગર્જના જો ન થાય તો કંઇક સારૂં લેખાય, છતાં જો વરસાદ વાદળ વિગેર થઇ આવે તો અનાજ કપાસ

ગવાર વિગેરેની ખરીદીથી ભાદરવામાં બે ગણો લાભ થશે, રૂ માં મોટી વધાઘટી થઈ મંદી થવાની, મીલ શેરોના ભાવમાં તેજી આવવાની.

चैत्रस्य पुर्णिमानक्षा शुभाय कथिता बुधैः ॥
तद्दिने ग्रहणं तारापात भूकंप वृष्टयः ॥
उत्पातेन च संग्राह्यं धान्य धातु व्ययादित ॥

ચૈત્ર વદિ ૧ રવિવાર તા૦ ૨૦ એપ્રીલ.

આ દિવસે રવિવાર હોવાથી પવન વધારે જોરથી ફુંકાશે અને તેથી કંઇક અકસ્માત જેવા ગોગો બનવા સંભવ છે, ઘી તેલ અને ગોળનો ભાવ તેજ થાય અનાજ ચોખા, ઘઉં, અને કપાસનો ભાવ સારો વધે. રૂના ભાવમાં સમાનતા રહે શેરોના ભાવ સમાન રહેશે.

ચૈત્ર વદિ ૨ તા૦ ૨૧ એપ્રીલ

મૃગશીર્ષના શુક્ર હોવાથી ૧૫ દિવસમાં પશુ, ઢોર, ગાય વિગેરેને પીડાકારી, ચણા, અલસીનો ભાવ મંદી થાય. રૂનો ભાવ તેજ થાય ઘઉં, ચોખામાં વધા ઘટી સારી થાય છે.

ચૈત્ર વદિ ૩ તા૦ ૨૨ એપ્રીલ.

કૃતિકા નક્ષત્રનો બુધ થાય છે તેથી યુદ્ધ પ્રસંગો-બંડ અને તોફાનો થાય, તાવનો ઉપદ્રવ, ચાંદીમાં વધાઘટી સારી થવાની, વદી પાંચમથી ચાર દિનમાં રૂમાં જોસથી મંદી થાય સોના ચાંદી તેજ થાય.

ચૈત્ર વદિ ૬ નો ક્ષય.

કૃષ્ણ પક્ષની તિથીનો ક્ષય થાય તે સારો લેખાય છે, અનાજમાં મંદી રૂમાં ત્રણ દિવસમાં ૧૫ થી ૨૦ ટકાની મંદી આવે.

ચૈત્ર વદિ ૮ તા૦ ૨૬ એપ્રીલ.

ભરણી નક્ષત્રનો સૂર્ય છે. તે દિવસ ૧૪ માં ચોખા, ઘઉં, જવ, ચણા, મઠ વિગેરે અનાજમાં તેજી આવે રૂમાં સારી તેજી થાય અને સોના ચાંદીમાં પણ તેજી કરે છે.

बुधो वक्री यदा भावी तदेक्ष्वादि महर्घता ॥
सुभिक्षं सर्वधान्यानां भविष्यति न संशयः ॥

તા૦ ૨૮ મી સોમવારે બુધ વક્રી થાય છે તેથી વેપારમાં મોટા ફેરફાર થશે રૂમા વધાઘટી થઇ અને ૧૫ થી ૨૦ ટકાની તેજી આવે અમામ સુધી દરેક વેપારમાં વધાઘટી વધારે થવાની, શેરના ભાવોમાં તેજી થશે. ઘી, તેલ, ખાંડ, ગોળમાં તેજી થાય અનાજના ભાવમાં મદી થાય મિથુન રાશીનો શુક્ર થવાથી દિવસ ૧૫ માં પવનનો યોગ વધારે રહે કંઇક કંઇક વરસાદ વાદલ થાય, ચાંદીમાં વધા ઘટી સાથે મંદી બને. અફીણમાં ૧૦૦ થી ૨૦૦ ટકાની તથા રૂમાં ૧૫ થી ૨૫ ટકાની તેજી નો યોગ થાય છે. શ્રવણ નક્ષત્રનો મંગલ હોવાથી દિવસ ૪૦ માં શીંગ દાણા, પીપરી મૂલ, શીંગોડાં, ઘાસ, લાકડા, કપાસમાં થોડી મદી થઇને પછીથી તેજી થશે

ચૈત્ર વદિ. ૧૩ તા૦ ૧ મે.

પશ્ચિમમા બુધનો અસ્ત થાય છે તેથી પશુઓમાં પીડાકારી રાજાઓમા કલહ પરસ્પર વૈરભાવ વધે અને રાજાઓને પીડાકારી કોટનના ભાવમાં ૧૨/૧૫ ટકાની મદી આવે અફીણમાં એકવાર મંદી થઇને તેજી આવે અનાજના ભાવમાં મદી આવે, શેરબજારમાં તેજી થાય-સોના ચાંદી અલસીમાં તેજી આવે ઘઉં ચણા જવ બાજરીના ભાવ સમ ધારણ રહે ચોખાના ભાવમાં તેજી, કપાસીઆના ભાવમાં ઉછાળો આવે.


વદિ ૩૦ શનિવારે છે તેનું ફલ ખરાબ છે, આગલ ઉપર દરેક વસ્તુની તેજી કરે ઘી. તેલ. ગોળ. ખાંડમાં તેજી કરે કોટનના ભાવમાં વધાઘટી કરીને તેજી કરે અનાજના ભાવ પડેલા રહે, સોના ચાંદીમાં વધાઘટી બતાવે પ્રજામાં પીડાકારી દેખાય નામાંકીત પુરૂષોને હરકત કર્તા યોગ બને છે અડદના ભાવમાં તેજી થાય રૂમાં ૧૦/૧૫ ટકાની તેજી દેખાડે છે.

વૈશાખ માસ.

વૈશાખ માસમાં પાચ રવિવાર છે અને પડવાને દિવસે ભરણી નક્ષત્ર છે શુદિ બીજના રોજ ચંદ્ર દર્શન થશે અને એ બીજ છે જેથી અનાજની તેજી થાય રાજાઓમાં કલહ થાય છે પ્રજામાં પીડાકારક યોગ છે સોના ચાદીમાં તેજી થાય અફીણમા ૧૦૦ થી ૨૦૦ ટકાને અને રૂમા ૧૮ થી ૨૮ ટકા અને ચાંદીમાં બે ત્રણ ટકાની તેજી થશે. અમેરિકાથી રૂના પાકને નુકસાન થયાના અને ચીનથી ચાદી બજારની તેજીના સમાચાર આવવા જેમાએ બારદાન એરંડામાં તેજી થાય અલસી ધગ અને શેરબજારમાં વધાઘટી થઇ કદાચ મંદી થશે.

સંવત્ ૧૯૮૦ શકે ૧૮૪૬
વૈશાખ શુદિ ૯ ભોમે ઘટ ૪૬/૩૭
તા૦ ૧૩-૫-૨૪

वृषमेर्कं ૯/૨૨



વૈશાખ શુદિ ૬ તા૦ ૧૦ મી મે.

કૃત્તિકા નક્ષત્રના સૂર્ય પંદર દિવસમા વાદલ અને વરસાદ છાટછીંટ થઇ આવશે જેથી વર્ષા રૂતુમાં વરસાદનો યોગ સારો થશે સોનાની તેજી કાટનમાં તેજી, જવ, ચોખા, ઘઊ, મગ, અડદ, રાઇ, સરસવ, તલ, હલદર અલસી વિગેરેના ભાવમાં તેજી થશે.

અગસ્ત્યનો અસ્ત રાત્રીમાં થાય છે તે જગતને ભયકારી છે.

વૈશાખ સુદિ ૯ તા૦ ૧૩ મી મે.

वृषराशौ यदासूर्यः सर्वं धान्यमहर्घता ॥
चंदनं कुंकुमं वस्त्रं कार्पासादि महर्घता ॥ १ ॥

વરખ રાશીમાં સૂર્યની સંક્રાંતિ શરૂ થાય છે તે અનાજની તેજી કરે ચંદન કુંકુમ કપડાંનો ભાવ તેજી કરે. કાટન કપાસની તેજી કરે છે

સુદિ ૧૪ નો ક્ષય છે તે સારો નથી કોટન શેઅર અલસી ઘઊમાં મંદી કરતા છે સોના ચાંદીમાં પણ વધાઘટી વધારે કરે.

अग्नि मंडल नक्षत्रे यदा संक्रमते रवौ ॥
सहिता भौमवारेण सस्पृहा धातुजातयः ॥ २ ॥

અગ્નીમંડલ નક્ષત્ર તથા મંગલવારે સંક્રાંતિનો યોગ હોવાથી સોના ચાંદીમાં ભારે વધાઘટી બતાવે અગ્નીભય, બખેડાઓ અકસ્માત વિગેરે બને.

વૈશાખ સુદિ ૧૩ તા૦ ૧૭ મે.

બુધનો ઉદય પૂર્વમાં થવાથી પાચ્ય દિવસમાં રૂમાં ૨૫–૩૦ ટકાની તેજી અનાજની મોંઘવારી ચાંદીના ભાવમાં તેજી થાય.

વૈશાખ શુદિ ૧૫ નો યોગ સારો છે અનાજના ભાવમાં મંદી કરે આ પુનમના દીવસે વાદલ વરસાદ વિગેરેનો ઉપદ્રવ હોય તો રૂમાં તેજી કરે આકાશ સ્વચ્છ હોય તો સારૂ ફલ સમજવુ, રૂમાં મંદી કરે.

વૈશાખ વદિ ૧ તા. ૧૯ મે.

વૈશાખ વદિ પડવોને સોમવાર છે તેથી અદ્ યોગ સારા છે અનાજ ગલ્લા અને કોટનમાં મંદી કરે છે. હાથીઓમાં પીડા થાય ચાંડાલ જનમાં રોગ થાય.

વૈશાખ વદિ ૩ તા. ૨૧ મે.

વૈ. વ. ૩ ના રોજ બુધ માર્ગી થાય છે તેનું ફલ સારૂં છે કોટનના ભાવમાં વધાઘટી વધારે થશે મંદી અને તેજી બે બાજુ હેરફેર થશે. ઘી, તેલ, અલસી, શેઅર, એરંડા, શીંગદાણા, ઘઉંમાં મંદી કરતા છે અનાજના ભાવમાં મંદી થાય ખાંડના ભાવમાં તેજી.

વૈશાખ વદિ ૫ તા. ૨૩ મે.

જ્યેષ્ઠા નક્ષત્રના ત્રીજા ચરણમા ગુરૂ થાય છે તેથી પીળી વસ્તુના ભાવ મદી થાય પીળા કપડાંનો ભાવ ઘટે.

વૈશાખ વદિ ૬ તા. ૨૪ મે.

ચોખા ઘઉ વિગેરે સર્વ પ્રકારના ધાન્યની, અલસી, સરસવ, ગોળ, ખાડ, સોપારી, અડદ, વિગેરેમા તેજી આવે કોટનના ભાવમા તેજી આવે સોના, ચાદીમા, મદી થાય આ દિવસોમા તાપ વધારે પડે તો સમય સારો આવે. અને વરસાદ કમી થાય કોઇ કોઇ ઠેકાણે વરસાદ થવાનો યોગ દેખાય છે.

વદિ ૯ ના રોજ પુનર્વસુ નક્ષત્રમા શુક્ર થાય છે ને ૧૧ દિવસમા જગતમા કોઇપણ પ્રકારનો ભય થાય, રૂ. ચાદીના ભાવમા મદી થાય. વદિ ૧૦ થી ધાણા હલદર. તબાકુ કરીઆણાનો ભાવ મદો થાય. જીરામા વધારે મદી લવીગ એલચી ચદન કપુર અને રગનો ભાવ તેજ થાય અફીણ સરસવના ભાવમા મદી આવે વદિ ૧૪ ના રોજ કૃત્તિકાનો બુધ થવાથી પૃથ્વી ઉપર યુદ્ધની ચર્ચા અને રોગનો ઉપદ્રવ થાય ચાંદીમા વધાઘટી વધારે થાય.

વૈશાખ વદિ ૩૦ તા. ૨ જુન.


સોમવતી અમાસ છે તેનુ ફલ સારૂ છે આ પાચ સાત દિવસમા અનાજની મંદી થાય. રૂ મા ૨૨ થી ૨૮ ટકાની વધાઘટી થઇ મદી થશે ચાંદી. સોનામાં ચોકસ વધાઘટી થવાની બારદાન લાખ અલસીનો ભાવમા મદી થશે; રૂ ની મદીમાં ખરીદી કરવાથી આગલ તેજીનો લાભ સારો મલી શકશે.

ज्येष्ट मास.

कुंभराशौ यदा भौम : कार्पासादि महर्घता:

જેઠ શુદિ પડવાએ મૃગક્ષીર્ષ નક્ષત્ર હોવાથી વાયુ. વરસાદ સારો થાય જેથી અનાજના પાકમાં સુધારો થાય કુંભ રાશીના મગળ થાય છે તેથી સોના ચાંદીમાં તેજી આવે રૂમાં ૧૫/૨૦ ટકાની ચાંદીમાં ૨ થી ૨।। ટકાની અફીણમાં ૨૦૦ થી ૩૦૦ ની ઘટા વધી થઇને તેજી થશે ખાંડ ગોળનો ભાવ મંદો થાય શેઅર બજારમાં તેજી થાય ચંદ્ર દર્શન બીજના દીવસે છે તે ઉપરના ફ્લને ટેકો આપે છે.

સંવત ૧૯૮૦ શાકે ૧૮૪૬
જ્યેષ્ટ શુદિ ૧૨ શનિવાર ઇન્ટ
૧૧/૨૭ તા૦ ૧૪-૬-૨૪
मिथुनेर्के ૪/૨



જેયષ્ઠ શુદિ. ૮ તા. ૧૦ જુન

રોહિણી નક્ષત્રનો બુધ થાય છે તે સોના ચાંદી અને ધાતુના ભાવમાં મદી કરે છે અડદા, અલસી, તલ, ઘઊં, હલદરના, ભાવમાં તેજી કરે છે રૂમાં સારી વધા ઘટી કરીને તેજી કરે છે વાયુનુ વધારે આવવું વાદલ અને વીજળીના ચમકારા વધુ થાય શંખ મોતી જવાહીર નારીએળ વિગેરે પદાર્થોમાં તેજી આવે.

रोहिण्यां च बुधे कार्पास तिलसूत्र महर्घता ॥
मृगशीर्षे सुभिक्षं स्याद्वातवृष्टिर्महीयसी ॥ १ ॥

જેયષ્ઠ શુદિ. તા. ૧૪ જુન.

શનિવારે મિથુન સંક્રાંતિ હોવાથી અનાજનો ભાવ તેજ કરે-ગોળ ખાંડમાં તેજી થાય કોઇ કોઇ દેશમાં વરસાદ થશે, રૂમાં વધાઘટી સાથે

તેજી થવાની યુદ્ધના બનાવો. ખેડુતોને પીડાકારી રહે પીળી વસ્તુના ભાવ તેજ થાય ચાંદીમાં વધાઘટી બની તેજી થાય.

मिथुने भास्करोयति कार्पासः कंदमूलकम् ॥
तिलाश्च सर्व धान्यानां महर्घंतु भविष्यति ॥ २ ॥

જેષ્ઠ શુદિ ૧૫ તા. ૧૭ જુન

શતતારકા નક્ષત્રનો મંગલ. જ્યેષ્ઠાના બીજા ચરણમાં ગુરૂ વક્રી મઘાના પ્રથમ ચરણમા રાહુ ધનિષ્ઠાના ત્રીજા ચરણમાં કેતુ અને બીજા યોગોથી રૂમાં ૧૦/૧૫ ટકાની તેજી થવાનો યોગ છે ઘઉં ગોળની તેજી તલ તેલ. લોઢું અને અલસીની તેજી વરસાદનો યોગ બને છે.

જ્યેષ્ઠ વદિ ૩ નો ક્ષય થવાથી (વદિની તિથીનો ક્ષય સારો લેખાય છે અનાજમાં મંદી આવે વરસાદની શરૂઆત થવી જોઇએ વાયુનું જોર વધે ઘઉં, અડદ, ચણા, ચોખાનો, ભાવ મદો થાય શેર બજારની મંદી વદિ પાંચમના રોજ આર્દ્રા નક્ષત્રમાં સૂર્ય આવે છે તે સારો યોગ છે. વરસાદ થશે દિવસ ૧૫ માં જ્યાં વરસાદ વધારે થશે ત્યાં વર્ષ સારૂં નીવડશે. જ્યાં વરસાદ ન થાય ત્યાં દુકાલનું વર્ષ નીવડશે.

વદિ ૭ ના રોજ મિથુનનો બુધ થાય છે તે ૧૭ દિવસ સુધી વરસાદનું અને પવનનું જોર વધશે. સોના, ચાંદી, ગોળ, ખાંડ, તેલ અને રૂમાં પ્રથમ મંદી આવીને તેજી થઇ જાય.

વદિ નવમીએ આકાશમાં ચંદ્ર સ્વચ્છ દેખાય તો વર્ષ સારૂં નીવડે સ્વચ્છ ન દેખાય તો વરસ ખરાબ નીવડશે તેમ સમજવું.

વદિ ૧૨ ના રોજ આર્દ્રા નક્ષત્રનો બુધ થાય છે તેથી વરસાદ જોસથી થાય છે ધાન્ય ભાવ મદો થાય લોકોમાં આરોગ્યતા વધે.


માર્ગી શનિ.

શનિ માર્ગી થવાથી કોટનના ભાવમાં મંદી થાય અનાજના ભાવ સસ્તા થાય આરોગ્યતા વધે. લવીંગ, ઘી, તેલનો ભાવ તેજ થાય શેર બજારમાં તેજી આવે. સોના ચાંદીના ભાવમાં વધાઘટીથી સમાન રહે.

आषाढ मास.

અષાડ શુદિ ૧ તા૦ ૩ જુલાઇના રોજ ચંદ્ર દર્શન છે તે દિવસે

સંવત્ ૧૯૮૦ શક ૧૮૪૬
આષાઢ શુદિ ૧૪ મંગલવારે ઇષ્ટ
૪૯/૩૦ તા૦ ૧૫-૭-૨૪
कर्कर्क ૧/૦



ગુરૂવાર અને પુનર્વસુ નક્ષત્રનો યોગ હોવાથી માસનુ ફલ સારૂ છે અનાજની પેદાશ સારી થવાની વરસાદ સારો થવાંનો સર્વત્ર વરસાદ થાય. કોટનમાં મંદી, ધાન્યમાં મંદી, ચાંદીમાં વધાઘટી વધારે, શુદિ બીજના દિવસે પશ્ચિમમાં શુક્રનો અસ્ત થાય છે તથા શુદિ ૧૨ ના રોજ ઉદય થાય છે તેનું ફલ સારૂં નથી ચાર દિવસમાં કોટનમાં ૨૦ થી ૨૫ ટકાની મંદી વરસાદ જોસથી થાય કોઇ દેશમાં લડાઇ જોસથી ચાલે મ્હોટા નામાંકીન કે કોઇ રાજાનું મૃત્યુ થાય.

शुक्लपक्षे यदा शुक्रः समुदेत्यस्तमेति च ॥
राजपुत्रसहस्राणां मही पिबति शोणितम् ॥ ॥
मिथुने वैश्यपीडा स्यादल्पवर्षा प्रजाभयम् ॥
भरण्याष्टके भानां मेघद्वारं भृगोः स्मृतम् ॥ ॥
मेघवृष्टिः प्रजानंदः समर्घ धान्य मेवच ॥
मनुष्यगणः शुक्रास्ते वह्निभि रोमपत्तने ॥
देशत्रासः कोंकणेच लाटे सिंधौ च शून्यता ॥ ॥

શુદિમા શુક્રનો ઉદય અસ્ત થતો હોય તો હજારો યોદ્ધાઓ અને ક્ષત્રિઓનો નાશ થાય મહાજન શાહુકારોને પીડા થાય પ્રજામાં કોઇ જાતનો ભય થાય અનાજના ભાવ મંદા થાય. યુરોપમાં ત્રાસ અને કોંકણ-સિંધ દેશમાં ઉપાધીઓ વધે કઇને કંઇ લડાઇ કે બંડ થઇ આવશે કોટન અલસી-એરંડા સોના ચાંદીમા વધા ઘટી વધારે થશે શેર બજારમાં મોટી તેજી મંદીના ફેરફારો થશે

આષાડ શુદિ ૩ તા. ૫ જુલાઇ.

પુનર્વસુનો સૂર્ય ૧૪ દિવસમાં લાખ ચોખા અડદ અલસી અને ઘઉં તેલ. ઘી. ચણા. તલ કસુંબો કરી આબુ કપુર ચંદન. નારીએળ સફેદ વસ્તુને નુકસાન પહોંચશે શુદિ છઠ્ઠ થી અગ્નીનો ભય વર્ષે.

આષાડ શુદિ ૮ તા ૧૦ જુલાઇ.

निशापतेश्च तनयः कर्कराशौ यदा भवेत ।
ततोऽनिमंगलं लोको सुभिक्षं जायते तदा ॥

આષાડ શુદિ આઠમે કર્કનો બુધ થવાથી ૧૫ દિવસમાં સુખ દુઃખ વેપારમાં વધાઘટીનો મોટો ફેરફાર થશે અફીણમાં ૨૫ થી ૩૦ ની તેજી થશે. કોટનમાં ૧૫ થી ૨૦ ટકાની તેજી થાય પણ ગોળ, ખાંડ ઘી તલમાં મંદી થવાની શેરમાં મંદીનો યોગ છે શુદિ નવમીના રોજ બુધ પુષ્ય નક્ષત્રમાં થવાથી આઠ દિનમા મગ. તલ તેલનો ભાવ તેજ થશે.

શુદિ ૧૦ નો ક્ષય છે, અનાજની તેજી કોટનમાં ૩૦ થી ૩૫ ટકાની તેજી બને સોના ચાંદીમાં, મંદી અને કાપડની તેજી કરે શુદિ ૧૩ ના રોજ શુક્રના ઉદયથી અને વક્રી મંગલથી રૂ. ચાંદીમાં ઘટાવધી જરૂર વધુ થવાની અફીણમાં મંદી ચાંદીમાં ૧-૨ ટકાની તેજી થવાની કોટનમાં ૧૦-૧૨ ટકાની તેજી થવાની રેશમી વસ્ત્ર અને ઉનમાં મંદી ગુજરાતમાં મોંઘવારી વધશે. સિંધુ દેશમાં કંઇક વ્યવહારિક રોકાવટ થવાની કોઇ પ્રસિદ્ધ પુરૂષનું અવસાન થવાનુ, સોનાનો ભાવ નીચે જવાનો.

कर्कराशिगते भानुः श्लेषायां तत्र वर्षति ॥
धान्यानि तु महर्घाणि लोके रोगभयंतथा ॥ ॥
भौमस्यवारे यदि संक्रमश्चेत ॥

અષાડ શુદિ ૧૪ તા. ૧૫ જુલાઇ.

કર્કની સક્રાંતિ મંગલવારે શરૂ થવાથી તમામ વસ્તુમાં મોંઘવારી થાય ગોળ, ખાંડ, ઘી, તેલ, તમાકુ, કપૂરનો ભાવ તેજ થાય અફીણની મંદી રાજાઓમાં કલેશ, વેપારી બજારોનો સુધારો જંગલમાં રહેનારાઓને પીડાકારી ઉન કંબલ અને કાળા વસ્ત્રનો ભાવ તેજ થાય શેરબજારમા તેજી આવે વરસાદ કમી થાય ઘઉં ચોખા અને રસકસનો ભાવ તેજ થાય કોટન બજારમાં મંદી થાય ચાંદી સોનામાં વધાઘટી સાધારણ.

ધ્વજારોપણ વાયુપરીક્ષા

ગામની બાહેર અથવા જંગલમાં ધ્વજારોપ કરીને પવન પરીક્ષા કરવી વરસમાં ગ્રહ ગમે તેવા ખરાબ હોય અથવા પાંચ છ સાત ગ્રહ એક રાશીમા થતા હોય તોપણ આષાઢી પુનમ વાયુ-વાદલ-વરસાદ વિના સ્વચ્છ હોય તો ખરાબ અસર નાબુદ થાય છે, એક બાજુ ગ્રહો સારા હોય પણ આષાઢી પુનમે વાયુ, વાદલ વરસાદ થાય તો આખુ વરસ ખરાબ નીવડે છે.

